રાજભવન, ગાંધીનગર.
તા. ૦૧/૧૦/૨૦૧૪

**દુર્ગાપૂજા પર્વ નિમિત્તો યોજાયેલ કાર્યક્રમમાં પૂજા–અર્ચના કરતા રાજયપાલશ્રી**

---

દુર્ગાપૂજા પર્વ નિમિત્તે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ ગઈકાલે ગાંધીનગરમાં પુરબાશા સાંસ્કૃતિક એસોસિએશન દ્વારા આયોજિત દુર્ગોત્સવ–૨૦૧૪–સાંસ્કૃતિક કાર્યક્રમમાં હાજરી આપી માં દુર્ગાની પૂજા–અર્ચના કરી હતી.

આ પ્રસંગે સંબોધન કરતાં રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે દુર્ગા પૂજાના આ પવિત્ર અવસરે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા બંગાળની સામાજિક અને સાંસ્કૃતિક પરંપરાઓના દર્શન થાય છે. બંગાળની ગૌરવશાળી સાંસ્કૃતિક ધરોહરનું જતન થાય અને બંગાળી ભાષા, રીત–રિવાજ અને પરંપરાઓ પ્રતિબિંબિત થાય તેવા પ્રયાસો પણ કરવા જોઈએ.

એસોસિએશનના સચિવ શ્રી સનત ચટ્ટોપાધ્યાયએ સંસ્થાની પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો.

---

પ્રેસ સચિવ